| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૧/૦૬/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯ લીટર દેશી દારૂ, ૪૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૬૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૯૫ બિયર ટીન, ૦૧ કાર, ૦૨ સ્કુટર અને ૦૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,3૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૮૪૧/૨૦૨૫**

**એલીસબ્રીજઃ** શૈલેશભાઈ ઈન્દ્રવદન પટવારી (ઉ.વ.૭૨)(રહે.ક્રિષ્ન સોસાયટી, ગજ્જર હોલ પાસે, એલીસબ્રીજ) એ તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન એલિસબ્રિજ પ્રિતમનગર સોસાયટી બંગલા નંબર–૬૦ ખાતે રહેતા શૈલેશભાઈ પટવારીના સંબંધીના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના, ચાંદીના વાસણો અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૧૧,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એમ.ભુઆ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૮૪૨/૨૦૨૫**

**રામોલઃ** નિખીલભાઈ કિશોરકુમાર કેશરી (રહે.વાલમ બંગ્લોઝ, પુનિતનગર ક્રોસીંગ ઘોડાસર) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નિખીલભાઈ કેશરીનાઓ પોતાની કાર ચલાવી સી.ટી.એમ. ભારવી ટાવર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષોએ નિખીલભાઈ કેશરીની કાર ઉભી રખાવી "તમે એક્સીડન્ટ કરેલ છે" તેમ કહી વાતોમાં વ્યસ્ત રાખી નિખીલભાઈની નજર ચુકવી કારમાંથી બેગ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૧૫,૯૫,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૮૪૩/૨૦૨૫**

**પાલડીઃ** વિશાલભાઈ બાબુભાઈ ચંદેલ (ઉ.વ.૨૫)(રહે.અયોધ્યા પાર્ક, લોટસ સ્કુલ સામે ઈસનપુર) તા.૧૨/૦૬/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે એક્ટીવા ચલાવી પાલડી અંકિત એપાર્ટમેન્ટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો વિશાલભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાલભાઈ ચંદેલ એ તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ક્રીશ્ચીયન ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૪૪/૨૦૨૫**

**એરપોર્ટઃ** ભરતભાઈ બાબુજી ઠાકોર (ઉ.વ.૩૫)(રહે.આતર્થ તુલિપની બાજુમાં, કલરવ પાર્ટી પ્લોટ સર્વિસ રોડ, અમૂલ ડેરી સામે, ભાટ ગામ, ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૫ સવારના ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શશીકાંત કિશનભાઇ ચલાવે છે.

**નારોલઃ** (૧) નિસર્ગ વિમલભાઇ વલેરા (ઉ.વ.૨૧)(રહે.સુર્યદીપ એપાર્ટમેન્ટ સમ્રાટનગર પાછળ વટવા ઇસનપુર રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૫ રાતના ૮/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ અર્જુનભાઇ ચલાવે છે.

**નારોલઃ** (૨) લાંભા ઇન્દીરાનગર વિભાગ–૨ ખાતે રહેતા નરેશભાઇ મનુભાઇ પટેલની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.લેઉવા ચલાવે છે.

**નારોલઃ** (૩) પ્રદીપ માંગુપુરી ગોસ્વામી (ઉ.વ.૩૦) (રહે. સુંદરમનગર મોતીપુરા નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૬/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી